(જોડાણ-૨)

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ |
|---|

| તા. 03/03/૨૦૧૮ |
|---|

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

<u>બેઠક ક્રમાંક-(૨) ૩/૨૦૧૮</u>

## ગાંધીનગર

બાળ વિશ્વવિદ્યાલય

सत्यम् ऋतम् बृहत्

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક

તા. 03/03/૨૦૧૮ સમયઃ ૧૧:00 કલાક

સ્થળઃ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

<u>(મિનિટ્સ)</u>

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ | તા. ૦૩/૦૩/૨૦૧૮ |
|---|---|

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બીજી મીટિંગ મા.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૦૩/૦૩/૨૦૧૮ને શનિવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતી અને અનઉપસ્થિતી નીચે મુજબ હતી.:

| | | | |
|---|---|---|---|
| ૧. | મા. કુલપતિ શ્રી કે.એસ.લિખિયા | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | સંયુક્ત સચિવશ્રી (ઉચ્ચશિક્ષણ) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૩. | ગુજરાત સરકારના સચિવશ્રી નાણાવિભાગ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૪. | સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી | સભ્યશ્રી | ગેરહાજર |
| ૫. | મા. ડૉ. ઘનશ્યામભાઇ ડી. રાવલ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૬. | મા. શ્રી નીપાબેન મહેતા | સભ્યશ્રી | ગેરહાજર |
| ૭. | મા. ડૉ. સુજલ એ.મુન્શી | સભ્યશ્રી | હાજર |
| ૮. | મા. ડૉ. મહેન્દ્રભાઇ પી. ચોટલિયા | સભ્યશ્રી | હાજર |
| ૯. | આર.જે.શાહ<br>(ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ ઓફિસર | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | મા.શ્રી કમલામની રાવ<br>(રજિસ્ટ્રારશ્રી(I/C) ) | સભ્ય સચિવશ્રી | હાજર |

- આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મીટિંગની કાર્યવાહી નોંધ(મિનિટ્સ) સામેલ છે.

# એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી

**બાબત ક્રમાંકઃ ૧** તા. 03/0૮/૨૦૧૭ના રોજ મળેલી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક- ૧** તા. 03/0૮/૨૦૧૭ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. (બિડાણ- પેજ ૧ થી ૫)

**બાબત ક્રમાંકઃ ૨** તા. ૧૯/0૨/૨૦૧૮ના રોજ મળેલ નાણાસમિતિની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક- ૨** તા. ૧૯/0૨/૨૦૧૮ના રોજ મળેલ નાણાસમિતિની કાર્યવાહી નોંધ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. (બિડાણ- ૨ પેજ ૧ થી ૪)

**બાબત ક્રમાંકઃ 3** વર્ષઃ ૨૦૧૮-૨૦૧૯માં નવા અભ્યાસક્રમો અને વિભાગો શરૂ કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક- 3** વર્ષઃ૨૦૧૮-૨૦૧૯માં નીચે મુજબના નવા અભ્યાસક્રમો અને વિભાગો શરૂ કરવા સર્વાનુમતે મંજૂરી આપી.

1. ડિપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ સ્ટડીઝ - એમ.એ ઈંગ્લીશ
2. ડિપાર્ટમેન્ટ ઓફ ફેમેલી એન્ડ કમ્યુનિટી સાયન્સ( હોમ સાયન્સ) એમ.એસ.સી. ફૂડ એન્ડન્યુટ્રીશન
3. ડિપાર્ટમેન્ટ ઓફ સોશયલ વેલફેર એમ. એસ.ડબ્લુ

આ ઉપરાંત અન્ય નવા વિભાગો અને અભ્યાસક્રમો શરૂ કરવા વાઈસ ચાન્સેલરશ્રીને સત્તા આપવામાં આવે છે.

Ramalaxmi Rao

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા. 03/03/૨૦૧૮

બાબત ક્રમાંક: ૪ શ્રી દિવ્યાંશુભાઈ દવેનો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મહાનિયામક તરીકેની નિમણૂકનો કાર્યકાળ પૂર્ણ થતાં તેમને યુનિવર્સિટીમાંથી ફરજ મુક્ત કરેલ છે જે બાબતની નોંધ લેવા બાબત

ઠરાવ ક્રમાંક: ૪ શ્રી દિવ્યાંશુભાઈ દવેનો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મહાનિયામક તરીકેની નિમણૂકનો કાર્યકાળ તા.૧૪/૦૧/૨૦૧૮ના રોજ પૂર્ણ થતાં તેમને યુનિવર્સિટીના પત્રાંક નં ચિયુ/મહાનિયામક/૨૦૧૮/હિ-૪૨૩ તા. ૧૪/૦૧/૨૦૧૮થી ફરજમુક્ત કરેલ છે. (બિડાણ-૪) તેની સર્વે નોંધ લીધી.

અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબત.

બાબત ક્રમાંક: ૫ EC મેમ્બરની મીટીંગમાં ગેરહાજરી બાબત- એક્ટની જોગવાઈઓની જાણ બાબત

ઠરાવ ક્રમાંક: ૫. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એક્ટની કલમ ૪૦(૨) મુજબ " કોઈપણ અધિકારીમંડળમાં અથવા મંડળમાં નામનિયુક્ત થયેલી, નિમણૂક પામેલી અથવા કો-ઓપ્ટ થયેલી વ્યક્તિ અધિકારીમંડળ અથવા મંડળની પૂર્વમંજૂરી સિવાય ત્રણ સતત બેઠકોમાં ગેરહાજર રહે તો, તેણે તેનો સભ્ય તરીકેનો હોદ્દો ખાલી કર્યો હોવાનું ગણાશે અને તે સભ્ય હોતો બંધ થશે"

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એકટની કલમ ૪૦(૨)ની સર્વે EC મેમ્બરે નોંધ લીધી

**બાબત ક્રમાંક :૬ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વર્ગ-૪ના કર્મચારીઓને આઉટસોર્સીંગથી ભરવા બાબત**

**ઠરાવ ક્રમાંક: ૬ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વર્ગ-૪ના કર્મચારીઓને આઉટસોર્સીંગથી ભરવા માટે વાઈસ ચાન્સેલરને સત્તા આપવામાં આવે છે.**

**બાબત ક્રમાંક:૭ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં કરાર આધારિત કર્મચારીઓના કરાર બાબત**

ઠરાવ ક્રમાંક:૭ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં કરાર આધારીત ફરજ બજાવતા કર્મચારીઓને કરાર લંબાવવો કે રોજમદારમાં લેવા તેમજ રોજમદારથી કામ કરતા કર્મચારીઓને હોદ્દો ન આપતા તેમની કામગીરી અનુસાર વેતન ચુકવવા મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે

**બાબત ક્રમાંક: ૮ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટનો નવો કોન્ટ્રાક્ટ આપવા બાબત**

ઠરાવ ક્રમાંક: ૮ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વેબસાઈટનો કોન્ટ્રાક્ટ અદિત માઈક્રોસીસને તા. ૧૫/૦૯/૨૦૧૫થી 3 વર્ષ માટે આપેલો હતો, જે તા.૧૪/૦૯/૨૦૧૮ના રોજ પૂર્ણ થાય છે તેમની કામગીરી અસંતોષકારક હોવાથી કોન્ટ્રાક્ટ પુરો કરી વર્ષ-૨૦૧૮-૧૯ માં નવો કોન્ટ્રાક્ટ આપવા સર્વાનુમતે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.



Ramalaxmi Rao

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ | તા. ૦૩/૦૩/૨૦૧૮ |
|---|---|

બાબત ક્રમાંક: ૯ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં એકેડેમિક કાઉન્સિલ અને રિસર્ચ કાઉન્સિલની રચના બાબત

ઠરાવ ક્રમાંક: ૯ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં કાઉન્સિલની રચના માટે –એકેડેમીક કાઉન્સિલ અને રીસર્ચ કાઉન્સિલ રચના માટે સર્વાનુમતે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક: ૧૦ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં રજિસ્ટ્રારની જગ્યા ભરવા બાબત

ઠરાવ ક્રમાંક: ૧૦ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં રજિસ્ટ્રારશ્રીની ભરતી માટે સર્વાનુમતે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક: ૧૧ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો માટે વિઝિટીંગ ફેકલ્ટી બોલાવવા બાબત

ઠરાવ ક્રમાંક: ૧૧ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમ માટે Visiting Faculty ને નિયમ પ્રમાણે રેમ્યુનરેશન આપી બોલાવવા સર્વાનુમતે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક: ૧૨ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં યોજાયેલા વર્કશોપ અંગે જાણ કરવા બાબત.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા આશાવર્કર અને ન્યુટ્રીશન આસીસટેન્ટે ૩ દિવસનું વર્કશોપ "તપોવન ગર્ભસંસ્કાર" પર આયોજીત કરવામાં આવેલ હતો તે માટે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ શુભેચ્છા પાઠવે છે.

GMERS Medical College and Hospital, ગાંધીનગરના ડિપાર્ટમેન્ટ ઓફ સાઈકાટ્રીક્સ દ્વારા ૨ દિવસનું વર્કશોપ "Mental Health Awareness" પર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં આયોજન કરવામાં આવ્યું તે માટે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ શુભેચ્છા પાઠવે છે.

તારીખ : ૦૩/૦૩/૨૦૧૮

સ્થળ :- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦,ગાંધીનગર

Ramalaxmi Rao

કુલસચિવશ્રી (I/C)